**<u>પ્રેસ-નોટ તા.૧૩/૦૬/૨૦૨૩</u>**

# <u>અમરેલી જિલ્લાના ધારી પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે ધારી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૮૨૨૦૫૯૭/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૬૩,૩૬૬ તથા પોકસો એકટ કલમ ૧૮** મુજબના ગુનાનો આરોપી છેલ્લા નવેક માસથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, તેમજ મજકુર આરોપીનું નામ. કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબના વોરંટ ઇસ્યુ થયેલ હોય, મજકુર લીસ્ટેડ આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે ગઇ કાલ તા.૧૨/૦૬/૨૦૨૩ નાં રોજ ધારી તાલુકાના માલસીકા ગામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

**પ્રકાશ જયસુખભાઇ ચૌહાણ, ઉ.વ.૨૧, રહે.કાલસારી, તા.વિસાવદર, જિ.જુનાગઢ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એ.એસ.આઇ.** તથા **હેડ કોન્સ** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસ-નોટ તા.૧૫/૦૬/૨૦૨૩</u>

## <u>રાજુલા, ખેતાગાળા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ ઇસમોને કુલ કિં.રૂ.૩૪,૧૪૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૧૪/૦૬/૨૦૨૩ ના રોજ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે રાજુલા, ખેતાગાળા વિસ્તારમાં મસ્જીદની પાછળ જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા ત્રણ ઇસમોને જુગાર રમતા રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે

➩ **<u>પકડાયેલ આરોપીઓઃ-</u>**

(૧) રમેશ નાગજીભાઇ ચૌહાણ, ઉ.વ.૩૩, રહે.રાજુલા, ખેતાગાળા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૨) કરણ વિનુભાઇ સોલંકી, ઉ.વ.૨૦, રહે.રાજુલા, ખેતાગાળા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૩) અશરફ મહેબુબભાઇ કનોજીયા, ઉ.વ.૨૪, રહે.રાજુલા, ખેતાગાળા, તા.રાજુલા, જિ.અમરેલી.

➩ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

રોકડા રૂ.૧૧,૧૪૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૨ કિં.રૂ.૨૩,૦૦૦-/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૩૪,૧૪૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.



**પ્રેસ-નોટ તા.૧૫/૦૬/૨૦૨૩**

**આગામી તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિકળનાર હોય, જે અંગે તકેદારીના ભાગ રૂપે ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે ઓટોમેટીક રીવોલ્વર (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડતી અમરેલી.એસ.ઓ.જી.ટીમ**

શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા સમગ્ર ભાવનગર રેન્જમાં બનતા ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેર કાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ આગામી તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિકળનાર હોય, જે અંગે તકેદારીના ભાગ રૂપે જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાંઓ દ્વારા એ.ટી.એસ.ચાર્ટર મુજબના ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી આરોપીઓ અંગે માહિતી મેળવી, આવા ઈસમોને જેલ હવાલે કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ એ.ટી.એસ.ચાર્ટર લગત ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, ડેડાણ આઉટ પોસ્ટ વિસ્તારનાં નવા માલકનેસ ગામ થી ડેડાણ ગામ તરફ જવાનાં રસ્તે એક ઈસમ ગેરકાયદેસર હથિયાર રાખી ઉભેલ છે અને આજરોજ કોઇ ગુનો કરવાની પેરવીમાં હોય, જેથી બાતમી વાળી જગ્યાને કોર્ડન કરી રેઇડ કરતા એક ઈસમને ઓટોમેટીક રીવોલ્વર (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે ઝડપી પાડવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી –ઃ-

(૧) જગદિશભાઇ વાઘજીભાઇ મકવાણા, ઉ.વ.-૨૨, ધંધો-હિરાઘસવાનો રહે. નવા માલકનેસ, તા.ખાંભા, જિ.અમરેલી.

પકડાયેલ મુદામાલઃ-

એક ઓટોમેટીક રીવોલ્વર (અગ્નિશસ્ત્ર હથિયાર) કિ.રૂ.૫,૦૦૦/-

આમ, મજકુર પકડાયેલ ઈસમનાં કબ્જામાંથી એક ઓટોમેટીક રીવોલ્વર (અગ્નિશસ્ત્ર હથિયાર) કિ.રૂ.૫,૦૦૦/-નાં મુદ્દામાલ સાથે પકડી પાડેલ અને પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી, ગુન્હો દાખલ કરાવી આરોપીને વધુ તપાસ અર્થે ખાંભા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા હેડ કોન્સ., તથા પો.કોન્સ. દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસ-નોટ તા.૧૯/૦૬/૨૦૨૩**

**દિવસ દરમિયાન બંધ મકાનોના તાળા તોડી ઘરફોડ ચોરી કરતા ઇસમને રોકડા રૂપિયા તથા સોના ચાંદીના દાગીના મળી કુલ કિં.રૂ.૨,૧૩,૩૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, નવ ઘરફોડ ચોરીના ગુનાઓ ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ જીલ્લામાં મિલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, આવા ગુન્હેગારો પકડી પાડી, ચોરીમાં ગયેલ પુરેપુરો મુદ્દામાલ રીકવર કરી, મુળ માલિક ને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ દ્વારા** મિલકત વિરૂધ્ધના ગુનાઓ આચરતા અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને ગઇ કાલ તા.૧૮/૦૬/૨૦૨૩ નાં રોજ અમરેલી સીટી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે હકિકત મળેલ કે અમરેલી – લાઠી રોડ, એસ.ટી. ડીવીઝન પાસેથી એક શંકાસ્પદ ઇસમને સોનાના દાગીના તથા રોકડા રૂપિયા સાથે પકડી પાડી, મજકુર ઇસમની સઘન પુછ પરછ કરતા તેને અલગ અલગ જગ્યાથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➩ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

મુકેશભાઇ ઉર્ફે દડુ ઉર્ફે ભરત દિનેશભાઇ વાઘેલા, ઉ.વ.૩૨, રહે.મૂળ મહુવા, રેલ્વે સ્ટેશન, વીટીનગર, ખુલ્લા મેદાનમાં, તા.મહુવા, જિ.ભાવનગર, હાલ રહે.અમરેલી,લાઠી રોડ, ગુરૂદત્ત પેટ્રોલ પંપ પાસે, ફુટપાથ ઉપર, તા.જિ.અમરેલી

➩ **આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલઃ-**

(૧) રોકડા રૂ.૭૮,૦૦૦/-

(૨) એક સોનાનો ઢાળીયો, વજન ૩૦.૦૮૦ ગ્રામ જેની કિં.રૂ.૧,૨૩,૭૫૦/-

(૩) એક સોનાની ટોપરી, વજન ૧.૧૦૦ ગ્રામ જેની કિં.રૂ.૫,૨૦૦/-

(૪) એક જોડી ચાંદીના છડા, વજન ૪૪.૦૦ ગ્રામ જેની કિં.રૂ.૧૪૦૦/-

(૫) એક રીયલમી કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૨,૧૩,૩૫૦/- નો મુદ્દામાલ.**

➩**પકડાયેલ આરોપીએ ગુનાઓની આપેલ કબુલાલની વિગતઃ-**

પકડાયેલ ઇસમની સઘન પુછપરછ કરતાં, પોતે નીચે મુજબની ઘરફોડ ચોરીના ગુનાઓ કરેલ હોવાની કબુલાત આપેલ છે.

(૧) આજથી આઠેક દિવસ પહેલા અમરેલી, હનુમાન પરા રોડ ઉપર, સ્કુલની બાજુમાં મહાદેવના મંદિરની બાજુમાં આવેલ બંધ મકાનમાં દિવાલ કુદી, મકાનના દરવાજાના નકુચા તોડી, અંદર જઇ કબાટમાંથી સોનાનું મંગળસુત્ર તથા રોકડા રૂપિયા ૭૫,૦૦૦/- ની ચોરી કરેલ, જે અંગે ખાત્રી કરતા **અમરેલી સીટી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૩૦૩૬૬/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ** રજી. થયેલ છે.

(૨) આજથી આશરે પંદર દિવસ પહેલા પોતે તથા પોતાના સાળા સાથે મળી અમરેલી, હનુમાનપરામાં એક બંધ મકાનની દિવાલ કુદી, અંદર જઇ, રૂમના તાળા તોડી, કબાટમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા તથા મોબાઇલ ફોનની ચોરી કરેલ, જે અંગે ખાત્રી કરતા **અમરેલી સીટી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૩૦૩૫૨ /૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૪ મુજબ** રજી. થયેલ છે.

(૩) આજથી દોઢ મહિના પહેલા રાજુલા તાલુકાના વિક્ટર ગામે બે અલગ અલગ બંધ મકાનમાંથી રોકડા રૂપિયા ૩૦,૦૦૦/-ની ચોરી કરેલ.

(૪) આજથી ત્રણ મહિના પહેલા સાવરકુંડલા, મણીનગરમાં એક બંધ મકાનમાંથી રોકડા રૂપિયા ૨૦,૦૦૦/- ની ચોરી કરેલ.

(૫) આજથી ત્રણ ચાર મહિના પહેલા સાવરકુંડલાના જાબુડા ગામે એક બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી, ઘરમાં ઓસીકાના કવરમાંથી રોકડા રૂપિયા ૨,૫૦,૦૦૦/-ની ચોરી કરેલ.

(૬) આજથી ચારેક મહિના પહેલા સાવરકુંડલા તાલુકાના વણોટ ગામે એક બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી ઘરમાં અનાજ ભરવાની પેટીનુ તાળુ તોડી, સોનાના દાગીના તથા રોકડા રૂપિયા ૪૦૦૦/- ની ચોરી કરેલ. જે અંગે ખાત્રી કરતા **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૩૦૦૪૧/ ૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૪૫૪, ૩૮૦ મુજબ** ગુનો રજી. થયેલ છે.

(૭) આજથી ચારેક મહિના પહેલા સાવરકુંડલા તાલુકાના ધજડી ગામે એક બંધ મકાનના દરવાજામાં મારેલ તાળાનો નકુચો તોડી, ઘરમાં થેલામાં રાખેલ રોકડા રૂપિયા ૧,૪૫,૦૦૦/-ની ચોરી કરેલ. જે અંગે ખાત્રી કરતા **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૩૦૦૩૬/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ** ગુનો રજી. થયેલ છે.

(૮) આજથી ચારેક મહિના પહેલા રાજુલા તાલુકાના મોટી ખેરાળી ગામે એક બંધ મકાનની દિવાલ ટપી, રૂમમાં મારેલ તાળા તોડી રૂમમાં રહેલ કબાટનો તરવાજો તોડી લોકરમાંથી સોનાના દાગીના તથા રોકડા રૂપિયા ૧,૧૫,૦૦૦/-ની ચોરી કરેલ. જે અંગે ખાત્રી કરતા **રાજુલા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૩૦૦૬૫/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૪૫૪, ૩૮૦ મુજબ** ગુનો રજી. થયેલ છે.

(૯) આજથી આંઠેક મહિના પહેલા સાવરકુંડલા તાલુકાના જાબુડા ગામે એક બંધ મકાનના રૂમનો દરવાજાનું તાળુ તોડી, ઘરમાં પટારાનું તાળુ તોડી રોકડા રૂ.૩,૦૦,૦૦૦/- તથા સોનાના ચાંદીના દાગીનાની ચોરી કરેલ. જે અંગે ખાત્રી કરતા **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૨૦૬૧૯/ ૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૪૫૪, ૩૮૦ મુજબ** ગુનો રજી. થયેલ છે.

➩ **<u>પકડાયેલ આરોપી મુકેશ ઉર્ફે દડુ ઉર્ફે ભરતનો ગુનાહિત ઇતિયાસઃ-</u>**

પકડાયેલ આરોપી મુકેશ ઉર્ફે દડુ ઉર્ફ ભરત દિનેશભાઇ વાઘેલા નીચે મુજબના ઘરફોડ ચોરીઓના ગુનામાં પકડાયેલ છે.

(૧) ભરતનગર પો.સ્ટે.(ભાવનગર) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૮૦૬૮૨૧૧૩૯૨/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ.

(૨) ગંગાજળીયા પો.સ્ટે. (ભાવનગર) એ પાર્ટ ગુ.ર.ન.૧૧૧૯૮૦૧૧૨૧૧૬૦૩/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.

(૩) ગંગાજળીયા પો.સ્ટે. (ભાવનગર) એ પાર્ટ ગુ.ર.ન.૧૧૧૯૮૦૧૧૨૧૧૬૬૮/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **પો.હેડ કોન્સ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસ-નોટ તા.૧૯/૦૬/૨૦૨૩</u>**

**<u>અપહરણ તથા ગુજસીટોકના કેસમાં લાજપોર મધ્યસ્થ જેલ, સુરતમાંથી વચગાળાના જામીન પરથી છેલ્લા ૧૦ માસથી ફરાર કેદી તેમજ સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.ના બે ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને હિમાચલ પ્રદેશના ધર્મશાલાથી પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>**

⇨ **<u>ગુનાની વિગતઃ-</u>**

(૧) ગઇ તા.૩૧/૦૫/૨૦૨૩ નાં રોજ મોહનભાઇ બાલાભાઇ પરડવા, ઉ.વ.૪૫, રહે.દોલતી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી વાળાના મોબાઇલ ફોનમાં અજાણ્યા નંબરથી દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઇ ચાંદુ રહે.દોલતી વાળાએ ફોન કરેલ, અને પોતાની ઉપર દોલતી ગામના પાંચાભાઇ બચુભાઇ હડીયાએ કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેર ખાતે અપહરણનો કેસ કરેલ હોય, જે કેસમાં સમાધાન કરવા મીડીયેટર તરીકે રહેવા કહેતા, મોહનભાઇએ મીડીયેટર તરીકે રહેવાની ના પાડતા, આ દાદેશ ઉર્ફે દાદુ ફોનમાં ગાળો આપી, મારી નાખવાની ધમકી આપેલ હોય, જે અંગે મોહનભાઇએ આ દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઇ ચાંદુ વિરૂધ્ધ ફરીયાદ આપતા **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૦૫૩૨૩૦૧૮૩/ ૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૫૦૭, ૫૦૬(૨)** મુજબનો ગુન્હો રજી. થયેલ.

(૨) ઉપરોકત મોહનભાઇની ફરીયાદના આરોપી દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઇ ચાંદુ વિરૂધ્ધ અગાઉ દાખલ થયેલ ગુજસીટોકના ગુનાઓમાં દેવાયતભાઇ વાધાભાઇ બલદાણીયા, ઉ.વ.૬૪, રહે.દોલતી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી વાળા સાક્ષી તરીકે હોય, જે કેસમાં સમાધાન કરાવી લેવાના ઇરાદે આ દાદેશ ઉર્ફે દાદુએ ગુનાહીત ઇરાદો પાર પાડવા કાવતરૂ રચી, ગઇ તા.૦૮/૦૬/૨૦૨૩ ની રાત્રીના સહ આરોપીઓએ આ દેવાયતભાઇના રહેણાંક મકાનના દરવાજે તીક્ષ્ણ હથિયાર વડે ઘા મારી, દરવાજે આગ ચાંપી, સી.સી.ટી.વી. કેમરા તોડી નુકશન કરી, એક બીજાને મદદગારી કરી ગુનો કરેલ હોય, જે અંગે દેવાયતભાઇએ આ દાદેશ ઉર્ફે દાદુ તથા અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપતા **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૦૫૩૨૩૦૧૮૯/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૧૨૦બી, ૩૪, ૪૩૬, ૪૨૭, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫** મુજબનો ગુન્હો રજી. થયેલ.

ઉપરોકત ગુનાઓનો આરોપી દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઇ ચાંદુ રહે.દોલતી વાળો કાપોદ્રા પો.સ્ટે. સુરત શહેર ગુ.ર.નં. ૦૪/૨૦૧૯, આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(આઇ), પોકસો એકટ કલમ ૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૭, ૧૯ મુજબ તથા સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૦૦૧૫૧/૨૦૨૦, ગુજરાત આંતકવાદ અને સંગઠીત અપરાધ નિયંત્રણ (GCTOC) અધિનિયમ ૨૦૧૫ ની કલમ ૩(૧) ની પેટા (૧) તથા કલમ ૩(૧) ની પેટા (૨) તથા કલમ ૩(૨) તથા કલમ ૩(૩) તથા કલમ ૩(૪) તથા કલમ ૩(૫) મુજબના ગુનાઓમાં કાચા કામના કેદી તરીકે લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે હોય, મજકુર કેદી તા.૧૨/૦૮/૨૦૨૨ થી તા.૧૮/૦૮/૨૦૨૨ સુધી વચગાળાના જામીન મંજુર થયેલ, અને તા.૧૯/૦૮/૨૦૨૨ ના રોજ હાજર થવાનું હોય, પરંતુ મજકુર કેદી જેલમાં હાજર થવાના બદલે ફરાર થઇ ગયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા ઉપરોકત ગુનાઓમાં સંડોવાયેલ તેમજ વચગાળાની જામીન રજા પરથી લાજપોર મધ્યસ્થ જેલ, સુરતના કાચા કામના છેલ્લા ૧૦ માસથી ફરાર કેદીને **મેકલિઓડ ગંજ, ધર્મશાળા, હિમાચલ પ્રદેશ**થી ઝડપી લઇ આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

**➡ પકડાયેલ કેદીઃ-**

**દાદા ઉર્ફે દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઇ ચાંદુ, ઉ.વ.૩૪, રહે.દોલતી, તા.સાવરકુંડડલા, જિ.અમરેલી હાલ રહે.મેકલિઓડ ગંજ, ધર્મશાલા (હિમાચલ પ્રદેશ)**

મજકુર આરોપી The Hollywood Café નામના રેસ્ટોરન્ટમાં વેઇટર/સફાઇ કામદાર તરીકેની નોકરી કરતો હતો અને કુલદીપ નામે ખોટુ નામ ધારક કરી, ખોટુ આધારકાર્ડ બનાવી રહેતો હતો.

**➡ પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-**

પકડાયેલ આરોપી દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઇ ચાંદુ વિરૂધ્ધ નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૦૩/૨૦૧૮ આઇ.પી.સી. કલમ કલમ ૩૮૫, ૩૮૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૫૦૭, ૧૧૪, તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૨) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૦૪/૨૦૧૯, આઇ.પી.સી. કલમ ૪૪૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૩) કાપોદ્રા પો.સ્ટે. સુરત શહેર ગુ.ર.નં. ૦૪/૨૦૧૯, આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(આઇ), પોકસો એકટ કલમ ૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૭, ૧૯ મુજબ

(૪) અમરેલી સીટી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૦૧૩૨૦/૨૦૨૦, આઇ.પી.સી. કલમ ૧૮૮, ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૩૮૪, ૧૯૩, ૫૧૧, ૧૨૦(બી), ૧૧૪, ૩૪, તથા પ્રિઝન એકટની કલમ ૪૨, ૪૩, ૪૫ ની પેટા કલમ ૧૨ મુજબ.

(૫) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૦૦૧૫૧/૨૦૨૦, ગુજરાત આંતકવાદ અને સંગઠીત અપરાધ નિયંત્રણ (GCTOC) અધિનિયમ ૨૦૧૫ ની કલમ ૩(૧) ની પેટા (૧) તથા કલમ ૩(૧) ની પેટા (૨) તથા કલમ ૩(૨) તથા કલમ ૩(૩) તથા કલમ ૩(૪) તથા કલમ ૩(૫) મુજબ

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

## **પ્રેસ-નોટ તા.૧૯/૦૬/૨૦૨૩**

## **સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામાં તથા બહારના જિલ્લાઓમાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે અમરેલી જિલ્લામાં રહેતા આવા નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે ચોટીલા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.ગુ.ર.નં.૧૧૨૧૧૦૦૯૨૨૦૪૩૪/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭, ૪૫૪, ૧૧૪** મુજબના ગુનાનો આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, તેમજ મજકુર આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે ગઇ કાલ તા.૧૮/૦૬/૨૦૨૩ નાં રોજ રાજુલા, બસ સ્ટેન્ડ પાસેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

દિલીપભાઇ મનસુખભાઇ ગજેરા, ઉ.વ.૪૩, રહે.નેસડી – ૨, તા.ખાંભા, જિ.અમરેલી.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એ.એસ.આઇ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસ-નોટ તા.૧૯/૦૬/૨૦૨૩</u>**

## **<u>અમરેલી જિલ્લાના વડીયા પોલીસ સ્ટેશનના લુંટના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે વડીયા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.ગુ.ર.નં.૧૧૧૯૩૦૬૦૨૧૦૬૧૧/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૩૯૨, ૩૪, ૩૬૪ વિ.** મુજબના ગુનાનો આરોપી છેલ્લા દોઢ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, તેમજ મજકુર આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે આજ રોજ તા.૧૯/૦૬/૨૦૨૩ નાં રોજ વડીયા તાલુકાના કુંકાવાવ ગામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ વડીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➪ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

રામકુ ઉર્ફે અજય ઉર્ફે ભલો ચોથાભાઇ ઉર્ફે કાળુભાઇ મંદુરીયા, ઉ.વ.૨૧, રહે.ગૈરેયા, તા.વિછીંયા, જિ.રાજકોટ, મુળ રહે.કસવાળી ગામ, ટાવરની બાજુમાં, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર.

પકડાયેલ આરોપી તથા સહ આરોપી કાળુ ઉર્ફે ધીરૂ સુરાભાઇ વાઘેલાએ ગઇ તા.૦૮/૧૨/૨૦૨૧ નાં રોજ વડીયા તાલુકાના દેવગામ ગામે રહેતા મનસુખભાઇ નાનજીભાઇ સાપરાના રહેણાંક મકાને આવી, સોનાના દાગીના તથા રોકડા રૂપિયા મળી કુલ કિં.રૂ.૮૬,૦૦૦/- ની લુંટ કરતા, મનસુખભાઇ તથા તેના પત્ની જીતુબેન અટકાવતા પ્રયાસ કરતા, ગીલોલથી પથ્થર મારી, મોઢા ઉપર ઇજા કરી લુંટ કરેલ હોય, જે ગુનામાં આરોપી કાળુ ઉર્ફે ધીરૂ સુરાભાઇ વાઘેલાને પકડી પાડવામાં આવેલ હોય, જયારે મજકુર આરોપી રામકુ ઉર્ફે અજય ઉર્ફે ભલો નાસતો ફરતો હતો.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એ.એસ.આઇ.** તથા **હેડ કોન્સ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

<u>**પ્રેસ-નોટ તા.૧૯/૦૬/૨૦૨૩**</u>

<u>**નાગેશ્રી ગામમાંથી જાહેરમાં જુગાર રમતા સાત ઇસમોને રોકડ રકમ સહિત કુલ કિં.રૂ.૮૧,૯૩૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૧૮/૦૬/૨૦૨૩ ના નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે નાગેશ્રી ગામમાંથી જાહેર જગ્યામાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા કુલ સાત ઇસમોને રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગારના સાહિત્ય સાથે ઝડપી પાડી, જે તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ ઇસમો તથા મુદ્દામાલ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➩ <u>**જુગાર રમતા પકડાયેલ આરોપીઓઃ-**</u>

(૧) ભુપતભાઇ ભરતભાઇ વરૂ, ઉ.વ.૨૮, રહે.મીઠાપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.
(૨) અશોકભાઇ ભીખુભાઇ ધાખડા, ઉ.વ.૨૯, રહે.કોટડી, તા.રાજુલા, જિ.અમરેલી.
(૩) ગૌતમભાઇ ભીમભાઇ વરૂ, ઉ.વ.૩૦, રહે.મીઠાપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.
(૪) હરેશભાઇ પરશોત્તમભાઇ સોલંકી, ઉ.વ.૨૫,રહે.રાજુલા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૫) મહીપતભાઇ વાલાભાઇ ધાખડા, ઉ.વ.૨૮, રહે.વડ, તા.રાજુલા, જિ.અમરેલી.
(૬) લાલભાઇ ભરતભાઇ ધાખડા, ઉ.વ.૨૬, રહે.રાજુલા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૭) અજયભાઇ દિલુભાઇ કોટીલા, ઉ.વ.૨૯,રહે.નાગેશ્રી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

➩ <u>**પકડાયેલ મુદ્દામાલઃ-**</u>

રોકડા રૂ.૫૫,૪૩૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૪, કિં.રૂ. ૨૬,૫૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૮૧,૯૩૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.**, તથા દ્વારા કરવામાં આવેલ છે.